# નમૂનો- ૧ (તારાંકિત પ્રશ્નનું ફોલ્ડર)

**અગ્રતા ક્રમ:** **૨૧**

વિભાગ: **ઉદ્યોગ અને ખાણ વિભાગ/ખ-૧ શાખા**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૦૦**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ: **૨૬.૦૨.૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાન સભા ચોથું સત્ર**

પ્રશ્નનું શીર્ષક: **અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના**

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ: **શ્રી પી.સી.બરંડા**

તથા તેમનો મત વિસ્તાર: **(ભિલોડા)**

# અનુક્રમણિકા


| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્ન | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભા પ્રશ્ન | |
| | વિધાનસભાને મોકલી આપેલ જવાબ | |
| | પ્રશ્નનું હાર્દ | પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| ૧ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના શું છે ? તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી? | શ્રી પી.સી.બરંડા (ભિલોડા) |
| ૨ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ લોનની રકમ મર્યાદા કેટલી અને કેટલી સબસીડી મળવાપાત્ર છે? | શ્રી પી.સી.બરંડા (ભિલોડા) |
| 3 | બી.એલ.પી. પોર્ટલ શું છે? આ યોજના હેઠળ ઓનલાઇન પોર્ટલ પર અરજી કરવાથી લાભાર્થીને શું લાભ થાય છે? | શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) |
| ૪ | રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓએ કેટલી રકમની લોન મંજુર કરવામાં આવી અને કેટલી સહાય ચુકવવામાં આવી? | શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર) |
| ૫ | આ યોજના છેવાડાના ગામડાઓ સુધી પહોંચે અને જરૂરિયાતમંદ લાભાર્થીઓ સ્વરોજગાર કરવા માટે આ યોજનાનો લાભ મેળવે તે માટે શું પ્રયત્નો કરવામાં આવે છે ? | શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) |
| ૬ | આ યોજનામાં દિવ્યાંગ તથા મહિલા લાભાર્થીઓને પણ લાભ આપવામાં આવે છે? | શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ) |
| ૭ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજનામાં ઓનલાઈન અરજી માટે કયા દસ્તાવેજો અપલોડ કરવાના રહે છે? | |

| | | |
|---|---|---|
| ૮ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત ઓનલાઇન ફોર્મ ભરવામાં લાભાર્થીને મુશ્કેલી થાય તો આ બાબતે શું વ્યવસ્થા રાખવામાં આવેલ છે? | |
| ૯ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ શૈક્ષણિક લાયકાત શું છે? | |
| ૧૦ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત લોન અરજી બેંક ભલામણ કર્યા બાદ સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કે મોનીટરીંગ કરવામાં આવે છે ? | |
| ૧૧ | તા. ૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ બેંક દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે? અરજી નામંજૂર થવાના કારણો શું છે? | |
| ૧૨ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત સબસીડી સીધી જ અરજદારને મળે છે? | |
| | પુરક માહિતી | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1800

વિષય:

અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 19/01/2024 | 20/02/2024 | 06/02/2024 |

*15/4/1800 શ્રી પી.સી. બરંડા(ભીલોડા)

કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અનૂવયે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા લોકોને કેટલી રકમની લોન આપવામાં આવી?

----

મુખ્ય પેજ પર જાઓ

વિભાગે કરેલ જવાબ

# 21

અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના

***15/4/1800** શ્રી પી.સી.બરંડા(ભિલોડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ આવી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે. |

| અ.નં | તાલુકાનું નામ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | ૧-૧-૨૩ થી ૩૧-૧૨-૨૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મોડાસા | ૭૭૫ | ૪૭૮ | ૧૨૫૩ |
| ૨ | ધનસુરા | ૬૬૬ | ૬૯૩ | ૧૩૫૯ |
| ૩ | બાયડ | ૧૩૫૫ | ૧૪૬૫ | ૨૮૨૦ |
| ૪ | માલપુર | ૧૫૮૧ | ૧૫૪૬ | ૩૧૨૭ |
| ૫ | મેઘરજ | ૨૯૯ | ૩૪૪ | ૬૪૩ |
| ૬ | ભિલોડા | ૩૩૭ | ૪૯૫ | ૮૩૨ |
| | કુલ | ૫૦૧૩ | ૫૦૨૧ | ૧૦૦૩૪ |

| | | |
|---|---|---|
| (૨) તે પૈકી કેટલી બેંકોને ભલામણ કરવામાં આવી, અને | (૨) | તે પૈકી નીચે મુજબ બેંકોને ભલામણ કરવામાં આવેલ છે. |

| ક્રમ | જિલ્લો | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | ૧-૧-૨૩ થી ૩૧-૧૨-૨૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બેંકોને કરેલ ભલામણ | ૪૬૭૨ | ૪૫૪૧ | ૯૨૧૩ |

| | | |
|---|---|---|
| (૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા લોકોને કેટલી રકમની લોન આપવામાં આવી? | (૩) | તે પૈકી બેંકો દ્વારા નીચે મુજબના લોકોને નીચે મુજબની રકમની લોન આપવામાં આવેલ છે. |

| વર્ષ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | ૧-૧-૨૩ થી ૩૧-૧૨-૨૩ | કુલ |
|---|---|---|---|
| લાભાર્થીની સંખ્યા | ૨૩૯૭ | ૧૬૩૫ | ૪૦૩૨ |
| લોનની રકમ (રૂ .લાખમાં) | ૫૨૦૯.૭૨ | ૫૧૦૨.૫૯ | ૧૦૩૧૨.૩૧ |

-----------------------------------------------

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનું હાર્દ

### **શ્રી વાજપાઇ બેંકેબલ યોજના**

- શિક્ષિત બેરોજગારો તથા કારીગરોને સ્વરોજગારીની તક મળે તથા વ્યક્તિગત રીતે સ્વરોજગાર શરૂ કરી શકે તેવા ઉમદા હેતુસર લોન તથા સહાય આપવા રાજ્ય સરકાર દ્વારા તા:૦૧/૦૪/૨૦૦૧ થી શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેમાં ઉદ્યોગ, વેપાર અને સેવા ક્ષેત્રોને આવરી લેવાયા છે.

- આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીએ ઘરબેઠા ઓનલાઇન "બેંકેબલ લોન પોર્ટલ" પર અરજી કરવાની રહે છે. જેના હેઠળ મહત્તમ રૂ.૮/-લાખની બેંક ભલામણ સામે મહત્તમ રૂ.૧.૨૫/-લાખની સબસીડીનો લાભ મેળવી શકે છે.

- આ યોજનાનો મુખ્ય હેતુ બહોળા સમુદાયને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવાનો છે. .રાજ્ય -દેશના આર્થિક વિકાસને પ્રોત્સાહન મળે તથા સામાજીક -આર્થિક વિકાસ થાય અને ઉદ્યોગ-ધંધા-વેપારની સરળ કામગીરી હાથ ધરવા અને સ્પર્ધાત્મક બનાવવામાં આ યોજનાનો મોટો ફાળો છે.

- યોજનાની પાત્રતા **૧૮ થી ૬૫** વર્ષની છે.
- આ યોજના હેઠળ લાભ મેળવવા ઓછામાં ઓછું ધોરણ-૪ (ચાર) પાસ અથવા વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસની તાલીમ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ લીધેલી હોવી જરૂરી છે અથવા એક વર્ષના ધંધાને લગતો અનુભવ હોવો જોઇએ અથવા વારસાગત કારીગર હોવો જોઇએ.
- શ્રી વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા, તથા વેપાર ત્રણેય ક્ષેત્રોમાં મહત્તમ **રૂ.૮.૦૦ લાખ**ની બેંક ભલામણ સામે મહત્તમ **રૂ.૧.૨૫ લાખ**ની સબસીડી મળવાપાત્ર છે.
- આ યોજના હેઠળ લાભ મેળવવા કોઇ આવક મર્યાદા રાખવામાં આવી નથી.
- **ધિરાણની રકમ ઉપર સહાયના દર:**

| વિસ્તાર | જનરલ કેટેગરી | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જન જાતિ/ માજી સૈનિક/મહિલા/૪૦% કે તેથી વધુ દિવ્યાંગ |
|---|---|---|
| ગ્રામ્ય | ૨૫% | ૪૦% |
| શહેરી | ૨૦% | ૩૦% |

➢ **સહાયની મહત્તમ મર્યાદા:**

આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્ર માટે સહાયના દર નીચે મુજબ છે.

| **ક્રમ** | **ક્ષેત્ર** | **સહાયની મહત્તમ રકમની મર્યાદા (રકમ રૂપિયામાં)** | | |
|---|---|---|---|---|
| ૧ | ઉદ્યોગ | ₹.૧,૨૫,૦૦૦ | | |
| ૨ | સેવા | ₹.૧,૦૦,૦૦૦ | | |
| ૩ | વેપાર | જનરલ કેટેગરી | શહેરી | ₹.૬૦,૦૦૦ |
| | | | ગ્રામ્ય | ₹.૭૫,૦૦૦ |
| | | અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જન જાતિ/ માજી સૈનિક/મહિલા /૪૦% કે તેથી વધુ દિવ્યાંગ | શહેરી/ ગ્રામ્ય | ₹.૮૦,૦૦૦ |

- દિવ્યાંગ લાભાર્થીના કિસ્સામાં કોઇ પણ ક્ષેત્ર માટે મહત્તમ સહાય ₹.૧,૨૫,૦૦૦/– રહેશે.
- અરજદારોને પડતી મુશ્કેલીઓ નિવારવાના આશયથી રાજ્ય સરકારશ્રી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના ડિજિટલ ઈન્ડિયાના વિઝન અંતર્ગત અરજદાર–લાભાર્થી એક ક્લિક પર યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી આ યોજના ઓનલાઇન અમલમાં છે જે અંતર્ગત અરજી કરવા માટે લાભાર્થીએ ઘરબેઠા ઓનલાઈન અરજી કરવાની રહે છે.

**આ યોજનામાં ઓનલાઇન અરજી કરવાથી થનારા લાભ,**

(૧)અરજદાર ઘર બેઠાં ફોર્મ ભરી શકશે
(૨) આધાર નંબર આધારિત નોંધણી
(૩)કામગીરીમાં પારદર્શિતા
(૪) કામગીરી ઓનલાઇન કરવામાં આવતી હોઇ પારદર્શિતા જળવાઇ રહે છે. ભ્રષ્ટાચારની શક્યતા રહેતી નથી.
(૫) અરજદારની સબસીડી સહાય સીધી જ બેંક ખાતામાં જમા થાય છે.
(૬)અરજદારની લોન અરજી બેંકમાં ભલામણ થયા બાદ એસ.એમ.એસ.(SMS) દ્વારા અરજદારને જાણ થશે. જેથી અરજદારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં રૂબરૂ જવાની જરૂરિયાત રહેશે નહિ.
(૭) ઓનલાઇન સેવાથી વિભાગની કામગીરી ઝડપી, સરળ અને પારદર્શી બનેલ છે.

આમ, કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા રાજ્યના છેવાડાના નાગરિકો સુધી રાજ્યની કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવી રહેલ છે.

## બેંકેબલ યોજનાઓમાં અરજીઓ ના મંજુર થવાના સામાન્ય કારણો :

**(અ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ :–**

(૧) ઉંમર નિયત મર્યાદામાં ન હોવાથી
(૨) અન્ય ધંધા વ્યવસાયમાં રોકાયેલ હોય.
(૩) પુરતા પ્રમાણ પત્રો અપલોડ કરેલ ન હોવાથી
(૪) અરજદારનો અભ્યાસ ચાલુ હોવાથી
(૫) અગાઉ સબસીડીનો લાભ લીધેલ હોવાથી
(૬) અરજદાર હાલ લોન લેવા માંગતા ન હોવાથી

**(બ) બેંક કક્ષાએ :–**

(૧) અરજદાર / અરજદારના કુટુંબી બેંકના બાકીદાર હોવાથી
(૨) બેંકને ધંધો આર્થિક રીતે અર્થક્ષમ ન લાગતો હોવાથી.
(૩) બેંકને જરૂરી ડોકયુમેન્ટ (આધાર – પુરાવા) પુરા પડેલ ન હોવાથી
(૪) અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી
(૫) આવા પ્રકારના ધંધામાં બેંકને વસુલાત આવતી ન હોવાથી
(૬) અરજદાર લોન લેવા ઈચ્છતા ન હોવાથી
(૭) અરજદારને માત્ર સબસીડી લેવામાં જ રસ હોવાનું જણાતા
(૮) ધંધાનું સ્થળ યોગ્ય ન હોવાથી
(૯) અરજદારને પુરતો અનુભવ ન હોવાનું ધ્યાને આવવાથી

## –: અરજીઓ પડતર રહેવાના કારણો :–

**(અ) જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ :–**

(૧) અરજદારની અરજીની વિગતો અધૂરી હોવાથી
(૨) અરજી ફોર્મમાં દર્શાવ્યા મુજબના સાધનિક કાગળો અધૂરા હોવાથી
(૩) અરજી સાથે જી.એસ.ટી નંબરવાળા ભાવ પત્રકો ન હોવાથી

આ બાબતે જીલ્લા કક્ષાએ પડતર રહેલ અરજીઓનો પોર્ટલ પરથી રીપોર્ટ મેળવી દર અઠવાડિયે જીલ્લા કચેરીને નિકાલની કાર્યવાહી હાથ કરવા સૂચના આપવામાં આવે છે. વધુમાં માસના અંતે યોજાતી રીવ્યુ બેઠકમાં આ બાબતે સમીક્ષા હાથ ધરવામાં આવે છે અને સમયસર અરજીઓનો નિકાલ થાય તે માટે સતત જીલ્લા કચેરી સાથે સંકલનમાં રહી તમામ પડતર અરજીઓનો નિકાલ થાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

**(બ) બેંક કક્ષાએ**

(૧) બેંકની જરૂરીયાત મુજબના સાધનિકકાગળો અધૂરા હોવાથી
(૨) ધંધાની સ્થળ તપાસ સમયે અરજદાર જે તે સ્થળે હાજર ન રહેલ હોવાથી
(૩) બેંકનો આ યોજના હેઠળનો વાર્ષિક લક્ષ્યાંક પૂર્ણ થવાથી

આ બાબતે અત્રેથી તમામ જીલ્લાના લીડ ડીસ્ટ્રીક્ટ મેનેજર ને સમયસર અરજીનો નિકાલ કરવા જણાવવામાં આવે છે. જે બેંકમાં મોટા પ્રમાણમાં અરજીઓ પડતર હોય તેવી બેંકોની બ્રાંચના અધિકારી સાથે ઓનલાઇન વી.સી. ગોઠવવામાં આવે છે અને આ પડતર અરજીઓના નિકાલ બાબતે ભાર મૂકવામાં આવે છે તથા ક્વાર્ટરલી યોજતી સ્ટેટ લેવલ બેન્કીગ કમિટીની મીટીંગમાં આ મુદ્દાની ચર્ચા હાથ ધરવામાં આવે છે અને બેંક કક્ષાએ પડતર તમામ અરજીઓના નિકાલની કાર્યવાહી હાથ ધરવા બેંકર્સને જણાવવામાં આવે છે.

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ.૨૧**

**ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦**

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી પી.સી.બરંડા (ભિલોડા)

**પેટા પ્રશ્ન:૧**

શ્રી વાજપાઇ બેંકેબલ યોજના શું છે ? તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

શિક્ષિત બેરોજગારો તથા કારીગરોને સ્વરોજગારીની તક મળે તથા વ્યક્તિગત રીતે સ્વરોજગાર શરૂ કરી શકે તેવા ઉમદા હેતુસર લોન તથા સહાય આપવા રાજ્ય સરકાર દ્વારા તા:૦૧/૦૪/૨૦૦૧ થી શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેમાં ઉદ્યોગ, વેપાર અને સેવા ક્ષેત્રોને આવરી લેવાયા છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીએ ઘર બેઠા ઓનલાઇન "બેંકેબલ લોન પોર્ટલ"પર અરજી કરવાની રહે છે. જેના હેઠળ મહત્તમ રૂ.૮/–લાખની બેંક ભલામણ સામે મહત્તમ રૂ.૧.૨૫/–લાખની સબસીડીનો લાભ મેળવી શકે છે.

સરકારશ્રીની યોજનાઓ ઓનલાઈન કરવાની સૂચનાના ભાગરૂપે અરજદારોને પડતી મુશ્કેલીઓ નિવારવાના ભાગરૂપે રાજ્ય સરકારશ્રી દ્વારા વ્યકતિગત લાભાર્થીને સીધી આર્થિક સહાય કરવામાં આવતી યોજનાઓનો લાભ લાભાર્થીને ઓનલાઇન પોર્ટલ માધ્યમથી મળી રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાના હેતુસર શ્રી વાજપાઇ બેંકેબલ યોજનામાં અરજદારે **બેંકેબલ લોન પોર્ટલ** પર ઘરેબેઠા ઓનલાઈન અરજી કરવાની રહે છે. તેમજ પોતે કરેલી અરજીની સ્થિતી મોબાઇલથી પણ જાણી શકે છે. અરજદારે ઓનલાઇન અરજી કર્યા બાદ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી લોન કેસ ઓનલાઇન બેંકમાં ભલામણ કરવામાં આવે છે. લોન અંગેની આગળની કાર્યવાહી બેંક તરફથી કરવામાં આવે છે.

તા.૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે **કુલ–૪૮૩૬ લાભાર્થીઓને રૂ.૩૯૦૩.૦૪/– લાખની સહાય ચુકવવામાં આવી.**

| જીલ્લાનું નામ | તા.૦૧–૦૧–૨૨ થી ૩૧–૧૨–૨૨ સુધી (રકમ રૂ. લાખમાં) | | તા.૦૧–૦૧–૨૩ થી ૩૧–૧૨–૨૩ સુધી (રકમ રૂ. લાખમાં) | | કુલ (રકમ રૂ. લાખમાં) | |
|---|---|---|---|---|---|---|
| | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ |
| અરવલ્લી | **૨૭૫૯** | **૨૧૦૭.૪૩** | **૨૦૭૭** | **૧૭૯૫.૬૧** | **૪૮૩૬** | **૩૯૦૩.૦૪** |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ.૨૧

ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી પી.સી.બરંડા (ભિલોડા)

**પેટા પ્રશ્ન:૨**

**શ્રી વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ લોનની રકમ મર્યાદા કેટલી અને કેટલી સબસીડી મળવાપાત્ર છે?**

**જવાબ**

**લોનની રકમ મર્યાદા :**

ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્રમાં: રૂ. ૮.૦૦ લાખ સુધી

**ધિરાણની રકમ ઉપર સહાયના દર:**

આ યોજના હેઠળ સહાયના દર નીચે મુજબ રહેશે.

| વિસ્તાર | જનરલ કેટેગરી | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જન જાતિ/ માજી સૈનિક/મહિલા/૪૦% કે તેથી વધુ દિવ્યાંગ |
|---|---|---|
| ગ્રામ્ય | ૨૫% | ૪૦% |
| શહેરી | ૨૦% | ૩૦% |

**સહાયની મહત્તમ મર્યાદા:**

આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્ર માટે સહાયના દર નીચે મુજબ રહેશે.

<table>
<tr><th>ક્રમ</th><th>ક્ષેત્ર</th><th colspan="3">સહાયની રકમની મર્યાદા (રકમ રૂપિયામાં)</th></tr>
<tr><td>૧</td><td>ઉદ્યોગ</td><td colspan="3">₹.૧,૨૫,૦૦૦</td></tr>
<tr><td>૨</td><td>સેવા</td><td colspan="3">₹.૧,૦૦,૦૦૦</td></tr>
<tr><td rowspan="3">૩</td><td rowspan="3">વેપાર</td><td rowspan="2">જનરલ કેટેગરી</td><td>શહેરી</td><td>₹.૬૦,૦૦૦</td></tr>
<tr><td>ગ્રામ્ય</td><td>₹.૭૫,૦૦૦</td></tr>
<tr><td>રીઝર્વ કેટેગરી</td><td>શહેરી/ ગ્રામ્ય</td><td>₹.૮૦,૦૦૦</td></tr>
</table>

**નોંધ:–**

- દિવ્યાંગ લાભાર્થીના કિસ્સામાં કોઇ પણ ક્ષેત્ર માટે મહત્તમ સહાય ₹.૧,૨૫,૦૦૦/– રહેશે.
- કોઇ પણ જાતિની મહિલા માટે મહત્તમ ૪૦% મુજબની સહાયનો દર નક્કિ કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ.૨૧**<br>**ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર)** | |
| **પેટા પ્રશ્ન : ૩** | બી.એલ.પી. પોર્ટલ શું છે? આ યોજના હેઠળ ઓનલાઇન પોર્ટલ પર અરજી કરવાથી લાભાર્થીને શું લાભ થાય છે? |
| **જવાબ** | રાજ્ય સરકારશ્રી દ્વારા વ્યકતિગત લાભાર્થીને સીધી આર્થિક સહાય કરવામાં આવતી યોજના શ્રી વાજપાઇ બેંકેબલ યોજનાનો લાભ લાભાર્થીને ઓનલાઇન પોર્ટલ માધ્યમથી મળી રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાના હેતુસર " **બેંકેબલ લોન પોર્ટલ" શરૂ** કરવામાં આવેલ છે. આ પોર્ટલ પર લાભાર્થીએ ઘરેબેઠા ઓનલાઇન અરજી કરવાની રહે છે. તેમજ પોતે કરેલી અરજીની સ્થિતી મોબાઇલથી પણ જાણી શકે છે. અરજદારે ઓનલાઇન અરજી કર્યા બાદ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી લોન કેસ ઓનલાઇન બેંકમાં ભલામણ કરવામાં આવે છે. લોન અંગેની આગળની કાર્યવાહી બેંક તરફથી કરવામાં આવે છે.<br><br>**આ યોજનામાં ઓનલાઇન અરજી કરવાથી થનારા લાભ,**<br>(૧)અરજદાર ઘર બેઠાં ફોર્મ ભરી શકશે<br>(૨) આધાર નંબર આધારિત નોંધણી<br>(૩)કામગીરીમાં પારદર્શિતા<br>(૪) કામગીરી ઓનલાઇન કરવામાં આવતી હોઇ પારદર્શિતા જળવાઇ રહે છે ભ્રષ્ટાચારની શક્યતા રહેતી નથી<br>(૫) અરજદારને સબસીડી સહાય સીધી જ બેંક ખાતામાં જમા થાય છે<br>(૬)અરજદારની લોન અરજી બેંકમાં ભલામણ થયા બાદ એસ.એમ.એસ.(SMS) દ્વારા અરજદારને જાણ થશે. જેથી અરજદારે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં રૂબરૂ જવાની જરૂરિયાત રહેશે નહિ. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ.૨૧**

**ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦**

## પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર)

**પેટા પ્રશ્ન : ૪**

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓએ કેટલી રકમની લોન મંજુર કરવામાં આવી અને કેટલી સહાય ચુકવવામાં આવી?

**જવાબ**

**ધિરાણ લીધેલ લાખાર્થીની સંખ્યા અને રકમ :–**

| અનું. | વર્ષ | લાભાર્થીની સંખ્યા | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૩૮૪૫૮ | ૮૪૭૬૯.૪૨ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૯૦૦૧ | ૨૩૨૩૪.૯૫ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૧૩૬૧૩ | ૩૩૪૬૭.૬૫ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૩૦૯૭૭ | ૮૩૩૫૯.૫૩ |
| ૫ | ૨૦૨૩–૨૪ (જાન્યુઆરી– ૨૦૨૪ અંતિત) | ૨૬૪૩૦ | ૭૯૦૧૪.૪૪ |
| **કુલ** | | **૧૧૮૪૭૯** | **૩૦૩૮૪૫.૯૯** |

- **કુલ– ૧,૧૮,૪૭૯**(એક લાખ અઢાર હજાર ચારસો અગણ્યાએસી) લાભાર્થીઓને રકમ **રૂ.૩૦૩૮.૪૫** (ત્રણ હજાર આડત્રીસ કરોડ પિસ્તાલીસ લાખ)ની લોન આપવામાં આવેલ.

**સહાય મેળવેલ લાભાર્થીની સંખ્યા અને રકમ :–**

| અનું. | વર્ષ | લાભાર્થીની સંખ્યા | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯–૨૦ | ૪૬૩૩૮ | ૩૦૧૯૭.૦૭ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૪૫૪૪૭ | ૨૯૦૭૩.૭૪ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૧૪૨૧૬ | ૧૦૪૭૬.૫૯ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૨૩૪૮૬ | ૧૯૦૮૩.૯૩ |
| ૫ | ૨૦૨૩–૨૪ (જાન્યુઆરી– ૨૦૨૪ અંતિત) | ૨૩૨૨૦ | ૧૯૧૩૫.૯૫ |
| **કુલ** | | **૧૫૨૭૦૭** | **૧૦૭૯૬૭.૨૮** |

- **કુલ– ૧,૫૨,૭૦૭**( એક લાખ બાવન હજાર સાતસો સાત) લાભાર્થીઓને રકમ **રૂ. ૧૦૭૯.૬૭ કરોડ**(એક હજાર અગણ્યાએસી કરોડ સડસઠ લાખ) ની સબસીડી સહાય ચુકવવામાં આવી.

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ.૨૧<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦ | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ)** | |
| **પેટા પ્રશ્ન : ૫** | **આ યોજના છેવાડાના ગામડાઓ સુધી પહોંચે અને જરૂરિયાતમંદ લાભાર્થીઓ સ્વરોજગાર કરવા માટે આ યોજનાનો લાભ મેળવે તે માટે શું પ્રયત્નો કરવામાં આવે છે ?** |
| **જવાબ** | ➢ આ યોજનાનો સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ માધ્યમો દ્વારા ગામે ગામ પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.<br>➢ ગુજરાત સરકારની એસ. ટી. નિગમની બસો, ઓટો રીક્ષા, એલ.ઈ.ડી સ્ક્રીન, હોર્ડિંગ જેવા માધ્યમથી લાભાર્થીઓને આ યોજનાથી માહિતગાર કરવામાં આવે છે.<br>➢ જીલ્લા કક્ષાએ વિવિધ સેમિનાર યોજવામાં આવે છે અને પ્રજાલક્ષી આ યોજનાની જાણકારી લાભાર્થીઓને આપવામાં આવે છે.<br>➢ રાજ્યના કોઇ પણ ખૂણેથી લાભાર્થી ઘરે બેઠાં આ યોજનાની જાણકારી મેળવી શકે તે માટે બે હેલ્પ ડેસ્ક નંબર પણ જારી કરવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ.૨૧**<br>**ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ગજેન્દ્રસિંહ પરમાર (પ્રાંતિજ)** | |
| **પેટા પ્રશ્ન : ૬** | **આ યોજનામાં દિવ્યાંગ તથા મહિલા લાભાર્થીઓને પણ લાભ આપવામાં આવે છે?** |
| **જવાબ** | ➢ **હા,** દિવ્યાંગ તથા મહિલા લાભાર્થીઓને પણ સ્વરોજગાર શરૂ કરવા માટે આ યોજનામાં લાભ આપવામાં આવે છે.<br>➢ આ યોજનામાં દિવ્યાંગ તથા મહિલા લાભાર્થીઓને મહત્તમ ૪૦% એમ કુલ રકમ **રૂ. ૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર)** સુધીની સબસીડી સહાય આપવામાં આવે છે.<br>➢ છેલ્લા પાંચ વર્ષમાં **૪૫૦** દિવ્યાંગ લાભાર્થીઓને કુલ રકમ **રૂ.૩૧૫.૨૫ લાખ (ત્રણ કરોડ પંદર લાખ)** તથા **૭૮૦૧૮ (ઈક્કોત્તેર હજાર અઢાર)** મહિલા લાભાથીઓને કુલ રકમ **રૂ.૬૧૩૩૦.૦૦ લાખ (છસો તેર કરોડ ત્રીસ લાખ)** ની સબસીડી સહાય ચૂકવવામાં આવી. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ.૨૧**
**ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન : ૭** | **શ્રી વાજપાઇ બેંકેબલ યોજનામાં ઓનલાઈન અરજી માટે કયા દસ્તાવેજો અપલોડ કરવાના રહે છે?** |
| **જવાબ** | અરજદારે ઓનલાઈન પર અરજી  કરવાની હોય છે અને જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી લોન કેસ ઓનલાઈન બેંકમાં ભલામણ કરવામાં આવે છે અને લોન અંગેની આગળની કાર્યવાહી બેંક તરફથી  કરવામાં આવે છે.<br><br>**ઓનલાઈન અરજી માટે નીચે મુજબના દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે**<br>1. આધાર કાર્ડ<br>2. જાતીનું પ્રમાણપત્ર<br>3. અનુભવ/શૈક્ષણીક પ્રમાણપત્ર<br>4. પાસપોર્ટ સાઈઝ ફોટો<br>5. ધંધો/વ્યવસાયના સ્થળનો પુરાવો |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ.૨૧<br>ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦ | |
|---|---|
| **પેટા પ્રશ્ન : ૮** | **શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત ઓનલાઇન ફોર્મ ભરવામાં લાભાર્થીને મુશ્કેલી થાય તો આ બાબતે શું વ્યવસ્થા રાખવામાં આવેલ છે?** |
| **જવાબ** | • ઓનલાઈન પોર્ટલ પર ફોર્મ ભરવા માટે વેબસાઇટ પર માર્ગદર્શિકા મૂકવામાં આવેલ છે તથા માર્ગદર્શન આપવા સારૂ બે હેલ્પડેસ્ક નંબર જારી કરવામાં આવેલ છે જેના દ્વારા ટેલીફોનીક લાભાર્થીને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે .<br>• વધુમાં જીલ્લા કચેરી ખાતે રૂબરૂમાં પણ લાભાર્થીને  માર્ગદર્શન આપવામાં આવે છે.<br>• ગામડાનાં છેવાડાના લાભાર્થી પણ આ યોજનાનો લાભ મેળવે તે માટે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના **વીસીઇ** મારફત પણ લાભાર્થી લોન અરજી ભરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ.૨૧<br>ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦ | |
|---|---|
| **પેટા પ્રશ્ન : ૯** | **શ્રી વાજપાઇ બેંકેબલ યોજના હેઠળ શૈક્ષણિક લાયકાત શું છે?** |
| **જવાબ** | **શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછું ધોરણ – ૪ (ચાર) પાસ<br>**અથવા**<br>**તાલીમ/અનુભવ:**વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસની તાલીમ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ લીધેલી હોવી જરૂરી છે અથવા એક વર્ષના ધંધાને લગતો અનુભવ હોવો જોઈએ અથવા વારસાગત કારીગર હોવા જોઈએ. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ.૨૧**

**ગુજરાત વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન : ૧૦** | **શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત લોન અરજી બેંક ભલામણ કર્યા બાદ સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કે મોનીટરીંગ કરવામાં આવે છે?** |
| **જવાબ** | • તાલુકા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને તાલુકા કક્ષાએ તાલુકા કમિટી બેઠકનુ આયોજન કરવામાં આવે છે જેમાં જે–તે તાલુકાની બેંક ના બ્રાન્ચ મેનેજરશ્રીઓ, લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજરઅને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ સાથે બેંક કક્ષાએ પડતર અરજીઓની ચર્ચા કરી વધુમાં વધુ અરજીઓ મંજુર થાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.<br>• કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાએ જિલ્લા કમિટી બેઠકનુ આયોજન કરવામાં આવે છે. જેમાં જે–તે જિલ્લાની બેંકના મેનેજરશ્રીઓતથા ઉચ્ચ અધિકારીશ્રીઓ, લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજરઅને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ સાથે પડતર અરજીઓની ચર્ચા કરી વધુમાં વધુ અરજીઓ મંજુર થાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.<br>• રાજ્ય કક્ષાએ રાજ્ય કમિટીની બેઠકો ત્રિમાસિક ધોરણે યોજવામાં આવે છે જેમાં તમામ જિલ્લાના મેનેજરશ્રીઓ, રાજ્યની તમામ બેંકના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા સરકારશ્રીના નાણાવિભાગના અધિકારીશ્રીઓ હાજર રહી બેંકની પડતર અરજીઓનો વધુમાં વધુ નિકાલ થાય તેવી ચર્ચા કરે છે અને યોજનાના અમલીકરણનું મોનીટરીંગ કરવામાં આવે છે.<br>• છેલ્લા ૫ વર્ષ દરમ્યાન અરવલ્લી જીલ્લાના **૭૧૮૪** લાભાર્થીઓને રૂ.**૧૫૭.૬૯** કરોડની લોન બેંકો દ્વારા પુરી પાડવામાં આવેલ છે.<br>• રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૫ વર્ષમાં અરવલ્લી જીલ્લાના **૮૧૪૨** લાભાર્થીઓને રૂ. **૬૩.૪૨** કરોડની સહાય આપવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ.૨૧**<br>**ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦** | |
| **પેટા પ્રશ્ન :**<br>**૧૧** | **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ બેંક દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે? અરજી નામંજૂર થવાના કારણો શું છે?** |
| **જવાબ** | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળામાં અરવલ્લી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે **કુલ ૧૨૫૪ અરજીઓ બેંક દ્વારા નામંજૂર કરવામાં આવેલ** છે |

| જીલ્લાનું નામ | તા.૦૧–૦૧–૨૨ થી ૩૧–૧૨–૨૨ સુધી | તા.૦૧–૦૧–૨૩ થી ૩૧–૧૨–૨૩ સુધી | કુલ |
|---|---|---|---|
| અરવલ્લી | **૮૭૮** | **૩૭૬** | **૧૨૫૪** |

- **બેંક દ્વારા નામંજૂર કરવાના કારણો**

(૧)અરજદાર / અરજદારના કુટુંબી બેંકના બાકીદાર હોવાથી
(૨)બેંકને ધંધો આર્થિક રીતે અર્થક્ષમ ન લાગતો હોવાથી.
(૩)બેંકને જરૂરી ડોક્યુમેન્ટ (આધાર – પુરાવા) પુરા પડેલ ન હોવાથી
(૪)અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી
(૫)આવા પ્રકારના ધંધામાં બેંકને વસુલાત આવતી ન હોવાથી
(૬)અરજદાર લોન લેવા ઇચ્છતા ન હોવાથી
(૭)અરજદારને માત્ર સબસીડી લેવામાં જ રસ હોવાનું જણાતા
(૮)ધંધાનું સ્થળ યોગ્ય ન હોવાથી
(૯)અરજદારને પુરતો અનુભવ ન હોવાનું ધ્યાને આવવાથી

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ.૨૧<br>ગુજરાત વિધાનસભા તારાકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૧૮૦૦ | |
|---|---|
| **પેટા પ્રશ્ન : ૧૨** | **શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત સબસીડી સીધી જ અરજદારને મળે છે?** |
| **જવાબ** | ના, સબસીડી બેંકને ચુકવવામાં આવે છે અને બેંક લાભાર્થીના ખાતામાં જમા કરે છે. બેંક દ્વારા સબસીડીની રકમ જેટલી રકમ લોનની રકમ માંથી બાદ કર્યા બાદની રકમ પર જ વ્યાજ લેવામાં આવે છે. આમ, અરજદારને હપ્તાની રકમ પણ ઓછી થાય છે. |

મુખ્ય પેજ પર જાઓ

**પૂરક માહિતી :-**

## જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અરવલ્લી ખાતે પડતર રહેલ અરજીઓની વિગત

- જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અરવલ્લી ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ **કુલ:-૩૪૬** અરજીઓ પૂર્તતા માટે પડતર રહેલ હતી.
- જે પૈકી આજની સ્થિતીએ અરજદાર તરફથી પૂર્તતા થયેથી **કુલ:-૧૩૫** અરજીઓ બેંકમાં ભલામણ કરવામાં આવેલ છે.
- જ્યારે **કુલ:-૨૧૧** અરજીઓ પોર્ટલ પર જીલ્લા ઉદ્યોગ કેંદ્ર દ્વારા નીચે મુજબના કારણોસર અરજદારને પરત કરેલ છે.
  - જરૂરી દસ્તાવેજઅધુરા અપલોડ કરેલ હોવાથી .
  - માંગેલ દસ્તાવેજ ખોટા જણાયેલ હોવાથી.
  - દસ્તાવેજવાંચી શકાય તેવા ન હોવાથી .
  - માગ્યા મુજબના દસ્તાવેજની પૂર્તતા ન કરેલ હોવાથી

ઉપર મુજબની વિગતોની અરજદાર તરફથી પૂર્તતા થયેથી અરજદારની અરજી બેંકમાં ભલામણ કરવાની કાર્યવાહી જીલ્લા કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે .

### જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર અરવલ્લીની વિગત

| વર્ષ | ભૌતિક (એકમ) | | | નાણાંકિય (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|---|---|
| | લક્ષ્યાંક | સિધ્ધી | % | લક્ષ્યાંક | સિધ્ધી | % |
| ૨૦૨૧-૨૨ | ૧૪૦૯ | ૨૨૬૧ | ૧૬૦% | ૨૩૬.૬૭ | ૯૮૬.૦૬ | ૪૧૬.૬૪% |
| ૨૦૨૨-૨૩ | ૬૦૦ | ૧૯૫૬ | ૩૨૬% | ૩૭૭.૦૦ | ૧૯૦૩.૯૮ | ૫૦૫.૦૩% |
| ૨૦૨૩-૨૪ (જાન્યુ.૨૪ અંતિત) | ૮૧૦ | ૧૩૫૭ | ૧૬૭.૫૩% | ૩૯૬.૦૦ | ૧૧૬૫.૯૯ | ૨૯૪.૪૪% |

### રાજ્યની વિગત

| વર્ષ | ભૌતિક (એકમ) | | | નાણાંકિય (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|---|---|
| | લક્ષ્યાંક | સિધ્ધી | % | લક્ષ્યાંક | સિધ્ધી | % |
| ૨૦૨૧-૨૨ | ૧૫૪૦૦ | ૧૩૬૬૯ | ૮૮.૭૬% | ૧૦૬૭૮.૫૫ | ૧૦૬૭૮.૫૪ | ૧૦૦% |
| ૨૦૨૨-૨૩ | ૩૭૦૦૦ | ૩૧૧૯૨ | ૮૪.૩૦% | ૧૯૯૩૨.૫૬ | ૧૯૯૩૨.૫૦ | ૧૦૦% |
| ૨૦૨૩-૨૪ (જાન્યુ.૨૪ અંતિત) | ૩૦૦૦૦ | ૨૬૭૦૪ | ૮૯.૦૧% | ૨૩૭૦૦.૦૦ | ૧૭૬૯૧.૪૧ | ૭૪.૬૫% |

મુખ્ય પેજ પર જાઓ